DATE :- 28-11-2025
SANDESH PAGE-02, SURAT

**પ્રગતિ** | આઠ પૈકી ૬ સ્પાનની કામગીરી પૂર્ણ, ડિસેમ્બર સુધીમાં તૈયાર થઈ પણ જશે

# મેટ્રો બ્રિજનું ૮૦ ટકા પૂર્ણ, બે સ્પાન બાકી

। સુરત ।

સ્માર્ટ સુરત શહેરની ટ્રાન્સપોર્ટ સેવાને પણ એડવાન્સ બનાવવા માટે તૈયાર થઈ રહેલા મેટ્રો પ્રોજેક્ટનું કામ તાપી નદી પર ૮૦ ટકા પૂર્ણ થયું છે. ૪૦૦ મીટરની લંબાઈ ધરાવતા બ્રિજ પર ૩૨૦ મીટર સુધી સ્પાનનું કામ પૂરું કરવામાં આવ્યું છે અને ડિસેમ્બર સુધીમાં બ્રિજ તૈયાર થવાની શક્યતાઓ છે.

શહેરના સારોલીથી ભેંસાણ રૂટ પર કોરિડોર-૨નું કામ ચાલુ છે. ૧૮.૭૪ કિલોમીટરના રૂટ પર બદરી નારાયણ મંદિરથી અઠવા ચોપાટી સુધી તાપી નદી પર બ્રિજ બનાવવાનું કામ ચાલુ છે. બ્રિજની લંબાઈ ૪૦૦ મીટર છે જે મુજબ અહીં ૮ સ્પાન પૈકી અત્યાર સુધી ૬ નંખાઈ ચૂક્યા છે. તમામ સ્પાનની લંબાઈ આશરે ૫૦ મીટર જેટલી છે. બ્રિજને મજબૂતી મળી રહે તે માટે પાઈલ ફાઉન્ડેશન અને સુપર સ્ટ્રક્ચર ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સુપર સ્ટ્રક્ચરમાં પ્રિકાસ્ટ આરસીસી બોક્સ સેગમેન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેને ૬૦૦ એમટી લોંચિંગ ગર્ડર ટનનો ઉપયોગ કરીને લોંચ કરવામાં આવે છે. એકાદ મહિનામાં બાકીના ૨ સ્પાનનું કામ પણ પૂર્ણ કરી લેવામાં આવે તેવી સંભાવના છે.

**૪૦૦ માંથી ૩૨૦ મીટર સુધી સ્પાનનું કામ પૂરું કરાયું**



### નદીના પ્રવાહ પર ઓછી અસર થાય તે માટે અત્યાધુનિક ટેક્નોલોજી

મેટ્રો પ્રોજેક્ટમાં નદીના પ્રવાહ અને આસપાસના વિસ્તારમાં ઓછી અસર પડે તે માટે રીડર ફીડિંગ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામા આવી રહ્યો છે. આ ટેક્નોલોજીમાં ગર્ડરના પાછળથી સેગમેન્ટ ફીડ કરવામાં આવે છે. આ પદ્ધતિ ખુબ ચોકસાઇ ભરેલી અને બ્રિજની મજબૂતી માટે મહત્વપૂર્ણ છે.

### ડ્રીમસિટીથી અલથાણ ટેનામેન્ટ સુધી સિવિલ અને ટ્રેકનું કામ પૂરું

મેટ્રો પ્રોજેક્ટને સમય પર પૂર્ણ કરવા માટે તડામાર તૈયારીઓ ચાલુ છે. કોરિડોર-૧ પર ડ્રીમ સિટીથી અલથાણ વચ્ચે સૌપ્રથમ મેટ્રો શરૂ થાય તેવી સંભાવના છે. ડ્રીમસિટીથી અલથાણ ટેનામેન્ટ સુધી સિવિલ અને ટ્રેકનું કામ પુરૂ થઇ ગયુ છે. અલથાણ ચાર રસ્તા પર પી-૫ વાયડક્ટની મુખ્ય લાઇનની બાંધકામની કામગીરી પુર્ણ થઇ છે અને ઉપર ટ્રેકનું કામ પણ પૂર્ણ થઇ ગયુ છે. તે સિવાય પોકેટ ટ્રેક પર પિયરનું કેપનું કામ પુરુ થયા બાદ ૧-ગર્ડરની કામગીરી રાતે ૧૨થી ૫ વાગ્યા સુધી કરવામાં આવશે. આ સમયે રસ્તા ખુલ્લા રહેશે.